

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-44 ■ તા. 29-10-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પશ્ચિમ બંગાળમાં રાશન કૌભાંડ : ૧ મેહરૂન ડાયરી, ૩ શેલ કંપનીઓ અને ડમી ડિરેક્ટર્સ



કોલકાતા,તા.૨૮

પશ્ચિમ બંગાળના રાશન કૌભાંડને લઈને ઈડીએ મોટો ખુલાસો કર્યો છે. ઈડી સૂત્રોના જણાવ્યા અનુસાર, બકીબુર રહેમાનની ત્રણ શેલ કંપનીઓ શોધી કાઢવામાં આવી છે જેમાં ડમી ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. રાશનની ખરીદી અને વેચાણ તેમના દ્વારા જ થતું હતું. આ ત્રણેય કંપનીઓમાં રૂ. ૨૦ કરોડથી વધુ ગેરકાયદેસર રીતે આવ્યા હતા અને આ નાણાં મોટાભાગે રોકડમાં આવ્યા હતા. બકીબુર રહેમાને કહ્યું કે આ કંપનીઓના પૈસા લોનના રૂપમાં ખાદ્ય અને પુરવઠા મંત્રી જ્યોતિપ્રિયા મલિકને જઈ રહ્યા છે અને તેઓ તેના લાભાર્થી છે કારણ કે લોન પરત લેવામાં આવી નથી.

ઈડી સૂત્રોએ જણાવ્યું હતું કે આ સંદર્ભમાં વધુ તપાસમાં જાણવા મળ્યું છે કે ત્રણેય કંપનીઓના પ્રથમ ડિરેક્ટર અને શેરધારકો જ્યોતિપ્રિયા મલિકની પત્ની મણિદીપા મલિક અને તેમની પુત્રી પ્રિયદર્શિની મલિક હતા. આ કંપનીઓમાં બોગસ શેર પ્રિમિયમ અને અનાજના વેપારમાંથી થતા નફાના નામે નાણા જમા કરાવવામાં આવ્યા હતા. આ કંપનીઓમાંથી રૂ. ૨૦ કરોડથી વધુ રકમ બકીબુર રહેમાનના સાળાના બેંક ખાતામાં ગઈ હતી. ૨૬ ઓક્ટોબરે દરોડા દરમિયાન ૧૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન ઈડીએ જ્યોતિપ્રિયા મલ્લિકના ઘરેથી આ કંપનીઓના સ્ટેમ્પ કબજે કર્યા હતા. તેના ઘરે કામ કરનારા લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. તેણે એ પણ જણાવ્યું કે આ કંપનીઓના ડિરેક્ટરો મલિકના પરિવારના સભ્યો છે. દરોડા દરમિયાન, એક વ્યક્તિએ એમઆઈસી નામે એક નંબર લખ્યો હતો, જેના પર ૬૮ લાખ રૂપિયાનું પેમેન્ટ બતાવવામાં આવ્યું હતું. તેઓ વાસ્તવમાં પ્રભારી મંત્રી હતા જે વાસ્તવમાં અન્ન અને પુરવઠા મંત્રી હતા. તેણે કહ્યું કે આ પૈસા મંત્રીને બકીબુર રહેમાનના નિર્દેશ પર આપવામાં આવ્યા હતા. પુરાવા એ પણ મળ્યા છે કે બકીપુર રહેમાને મલ્લિક અને તેના પરિવાર માટે ફ્લાઈટ ટિકિટ બુક કરાવી હતી. વધુ તપાસ દરમિયાન, ઈડીને એ પણ જાણવા મળ્યું કે નવેમ્બર ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ દરમિયાન મોનદીપા મલિકના આઈડીબીઆઈ બેંક ખાતામાં ૬.૦૩ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૧૬ દરમિયાન પ્રિયદર્શિની મલિકના આઈડીબીઆઈ બેંક ખાતામાં ૩.૭૯ કરોડ રૂપિયા જમા થયા હતા. ૪ એપ્રિલ, ૨૦૧૬ના રોજ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં જ્યોતિપ્રિયા મલિક દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં, તેમણે તેમની પત્નીના ખાતામાં માત્ર ૪૫ હજાર રૂપિયા દર્શાવ્યા હતા, જ્યારે બીજા જ વર્ષે તેમના ખાતામાં ૬ કરોડ રૂપિયાથી વધુ આવ્યા હતા. એટલું જ નહીં, જ્યોતિપ્રિયા મલ્લિકના પરિસરમાં દરોડા દરમિયાન ઈડીને મરૂન રંગની ડાયરી મળી હતી, જેમાં ક્રમિક રીતે રોકડ અને રસીદોની સંપૂર્ણ વિગતો હતી. આ ડાયરીમાં એમઆઈસી જ્યોતિપ્રિયા મલ્લિકને 'બાલુડા' તરીકે ઓળખવામાં આવે છે અને ત્રણ કંપનીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં એનપીજીનું નામ અને ટ્રાન્ઝેક્શનની માહિતી હતી. જપ્ત કરાયેલી ડાયરીમાં બતાવવામાં આવ્યું છે કે 'બાલુદા' એટલે કે એમઆઈસીને કેવી રીતે રોકડ મળી, જે જ્યોતિપ્રિયા મલ્લિક અને તેની ત્રણ કંપનીઓમાં જમા કરવામાં આવી હતી. આ નાણાં અગાઉ શારદા આર્ટસ પ્રાઈવેટ લિમિટેડ (ગ્રેશિસ ક્રિએશન્સ પ્રાઈવેટ લિમિટેડ), શારદા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ (ગ્રેશિસ ઈનોવેટિવ પ્રાઈવેટ લિમિટેડ) અને હનુમાન રિયલકોન પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતા હતા.

પશ્ચિમ બંગાળ પોલીસે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦થી ૨૦૨૨ સુધી આ કૌભાંડ અંગે ઘણા કેસ નોંધ્યા હતા. આ પછી, પીડીએસ અધિકારીઓ કે જેઓ ગેરકાયદેસર રીતે રાશન વેચતા હતા અને તેમના ઘણા વિતરકોની ધરપકડ કરવામાં આવી હતી. આ રાશન પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સ્કીમ હેઠળ પશ્ચિમ બંગાળ જાહેર વિતરણ પ્રણાલી દ્વારા સપ્લાય કરવાનું હતું. પરંતુ સરકારે આ રાશન સપ્લાયની જવાબદારી એનપીજી રાઈસ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડને આપી હતી. તેના નિર્દેશક બકીબુર રહેમાન હતા. દરોડા દરમિયાન એક વ્યક્તિ પાસેથી એક ડાયરી મળી આવી હતી જેમાં ખરીદ-વેચાણની વિગતો હતી. વ્યક્તિએ જણાવ્યું કે તે છેલ્લા ૮-૧૦ વર્ષથી ગેરકાયદેસર રીતે પીડીએસ રાશનની ખરીદી અને વેચાણ કરી રહ્યો છે. એ જ રીતે, અન્ય એક વ્યક્તિએ જણાવ્યું કે તેની પાસે પીડીએસ રાશન વેચવાનું લાયસન્સ છે પરંતુ તે આ રાશનને ખુલ્લા બજારમાં વેચે છે. આ આખું રાશન દ્ભ્ રાઈસ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી આવતું હતું, જે મિલ માલિકની મિલીભગતથી ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે વેચવામાં આવી રહ્યું હતું.

# મુકેશ અંબાણીને મળી ધમકી, ૨૦ કરોડ નહીં આપો તો મારી નાખીશું

મુંબઈ,તા.૨૮

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને મારી નાખવાની ધમકી મળી છે. કોઈ અજાણ્યા વ્યક્તિએ ઈમેઈલ દ્વારા તેમને ધમકી આપીને ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. મળતી માહિતી મુજબ ધમકી આપનારાએ કહ્યું છે કે અમારી પાસે બેસ્ટ શૂટર્સ છે, અમે તમને મારી નાખીશું. મળતી માહિતી મુજબ આ ધમકી ગુરુવારે (૨૭ ઓક્ટોબર)ના રોજ સાંજે મળી હતી.

પોલીસ પાસેથી મળેલી જાણકારી મુજબ ૨૭ ઓક્ટોબરના રોજ મુકેશ અંબાણીની કંપનીના ઈમેઈલ આઈડી પર એક અજાણ્યા વ્યક્તિએ આ ધમકીભર્યો ઈમેઈલ મોકલ્યો. ઈમેઈલમાં લખ્યું છે કે ૨૦ કરોડ આપો નહીં તો મારી નાંખવામાં આવશે આ ઈમેઈલ મળ્યા બાદ મુકેશ અંબાણીના સિક્યુરિટી ઈન્ચાર્જની ફરિયાદના આધારે ગામદેવી પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ આપીસીની કલમ ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ એફઆઈઆર દાખલ કરીને તપાસ શરૂ કરી દીધી છે.

અત્રે જણાવવાનું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ મુકેશ અંબાણીની ૨૯ સપ્ટેમ્બરના રોજ સિક્યુરિટી વધારીને ઝેડ પ્લસ કેટેગરી કરી હતી. સિક્યુરિટી પર થતો ખર્ચ મુકેશ અંબાણી વહન કરે છે. આ ખર્ચ ૪૦થી ૪૫ લાખ રૂપિયા મહિને છે. આ અગાઉ તેમને ઝેડ કેટેગરીને સિક્યુરિટી મળેલી હતી. મીડિયા રિપોર્ટ્સ મુજબ આઈબીની ભલામણના આધારે ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો હતો. આઈબીએ મુકેશ અંબાણી પર જોખમની આશંકા વ્યક્ત કરી હતી. મુકેશ અંબાણીના પરિવારને ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ પણ આ પ્રકારે ધમકી મળી હતી. મુંબઈ પોલીસના જણાવ્યાં મુજબ રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના ડિસ્પ્લે નંબર પર ધમકી ભર્યા ફોન કોલ કરાયા હતા. કોલરે ધમકી આપતા કહ્યું હતું કે તેમના સમગ્ર પરિવારને ત્રણ કલાકમાં ખતમ કરી દેવાશે. આ મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ પણ કરી હતી. ત્યારબાદ ૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ રિલાયન્સ ફાઉન્ડેશનની હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. હોસ્પિટલના લેન્ડલાઈન નંબર ઉપર અજાણ્યા વ્યક્તિના બેવાર ફોન આવ્યા હતા. જેમાં કોલરે અંબાણી પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. તે પછી ૧૦ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

# મલપ્પુરમમાં એકજુટતા યુવા પ્રતિકાર રેલી હમાસના નેતાએ વર્ચ્યુઅલી ભાષણ આપ્યું

કોચ્ચી,તા.૨૮

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, કેરળના મલપ્પુરમમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં એક રેલીમાં હમાસના નેતા ખાલેદ મશાલના વર્ચ્યુઅલ સંબોધનથી ખળભળાટ મચી ગયો છે.આ તરફ હવે ભાજપે આ અંગે કાર્યવાહી કરવાની માંગ કરી છે. હમાસના નેતા ખાલેદ મશાલે શુક્રવારે મલપ્પુરમમાં એકજુટતા યુવા આંદોલન (સોલિડેરિટી યુથ મૂવમેન્ટ) દ્વારા આયોજિત યુવા પ્રતિકાર રેલીમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો.

એકજુટતા યુવા આંદોલન (સોલિડેરિટી યુથ મૂવમેન્ટ) એ જમાત-એ-ઈસ્લામીની યુવા પાંખ છે જેણે મલપ્પુરમમાં આ રેલીનું આયોજન કર્યું હતું. તેનું સૂત્ર છે ×બુલડોઝર હિન્દુત્વ અને રંગભેદ યહૂદીવાદ (ઝિઓનિઝમ) ને જડમૂળથી ઉખેડી નાખો×. ભાજપના પ્રદેશ અધ્યક્ષ કે સુરેન્દ્રનને હમાસ નેતાની સંડોવણી પર પ્રતિક્રિયા આપી છે અને કાર્યવાહીની માંગ કરી છે.

સમગ્ર મામલે મ્ત્નના પ્રદેશ અધ્યક્ષ કે સુરેન્દ્રને કહ્યું કે, કેરળના મલપ્પુરમમાં એકતા કાર્યક્રમમાં હમાસ નેતા ખાલેદ મશાલનું વર્ચ્યુઅલ એડ્રેસ ચિંતાજનક છે. પિનરાય વિજયન (કેરળના મુખ્યમંત્રી) કેરળ પોલીસ ક્યાં છે? 'સેવ પેલેસ્ટાઈન'ની આડમાં તેઓ આતંકવાદી સંગઠન હમાસ અને તેના નેતાઓને 'યોદ્ધાઓ' તરીકે મહિમા આપી રહ્યા છે..આ અસ્વીકાર્ય છે!'



કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે, હમાસના આતંકવાદીએ કેરળમાં ભાષણ આપ્યું હતું અને તેણે ત્યાંના હિંદુઓને ખતમ કરવાની વાત કરી હતી. તેમને જણાવી દઈએ કે ઘણા ભારત આવ્યા પરંતુ કંઈ કરી શક્યા નહીં. એ જ રીતે હમાસનો પણ નાશ થશે. ભારત પેલેસ્ટાઈનની સાથે છે. પરંતુ પ્રિયંકા ગાંધી વોટ માટે આતંકવાદી હમાસ સાથે ઉભા છે.

તમને જણાવી દઈએ કે, કેરળમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના મુખ્ય સહયોગી આઈયુએમએલએ પણ ગાઝામાં મહિલાઓ અને બાળકો સહિત નાગરિકોની કથિત હત્યાની નિંદા કરતા ગુરુવારે ઉત્તર કોઝિકોડમાં એક વિશાળ રેલીનું આયોજન કર્યું હતું. હજારો આઈયુએમએલ સમર્થકોએ પેલેસ્ટાઈન સોલિડેરિટી હ્યુમન રાઈટ્સ રેલીમાં ભાગ લીધો હતો જેનું ઉદ્‌ઘાટન આઈયુએમએલ નેતા પનાક્કડ સૈયદ સાદિક અલી શિહાબ થંગલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં કોંગ્રેસના નેતા શશિ થરૂરે ૭ ઓક્ટોબરે ઈઝરાયલ પર થયેલા હુમલાને આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું. આ પછી થરૂરની ઘણી ટીકા થઈ હતી. આ પછી, કેરળમાં મુસ્લિમ સમુદાયો માટે કામ કરતી સંસ્થા 'મહલ એમ્પાવરમેન્ટ મિશન'એ શુક્રવારે અહીં ૩૦ ઓક્ટોબરે યોજાનાર પેલેસ્ટાઈન એકતા કાર્યક્રમમાંથી શશિ થરૂરને હટાવવાનો નિર્ણય કર્યો.

નોંધનીય છે કે, ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર હવા, પાણી અને જમીનથી હુમલો કર્યો હતો. આ હુમલામાં સેંકડો ઈઝરાયલી નાગરિકો માર્યા ગયા હતા જયારે હમાસના લડવૈયાઓએ ૨૦૦થી વધુ લોકોને બંધક બનાવ્યા હતા. ત્યારથી ગાઝા પટ્ટી પર ઈઝરાયલ દ્વારા સતત બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. પેલેસ્ટાઈનમાં હમાસના લડવૈયાઓ પણ ચૂપ રહ્યા નથી. તેઓ હજુ પણ ત્રણ મોરચે ઈઝરાયલ પર હુમલો કરી રહ્યા છે. લેબનોન, સમુદ્રને અડીને આવેલા વિસ્તારો અને ઈજિપ્તને અડીને આવેલા દક્ષિણ ગાઝામાંથી રોકેટ અને મિસાઈલો છોડવામાં આવી રહી છે. આ હુમલા બાદ ઈઝરાયલે હમાસને ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

# ગીતા પ્રેસના ટ્રસ્ટી બૈજનાથ અગ્રવાલનું નિધન, મુખ્યમંત્રી યોગીએ દુઃખ વ્યક્ત કર્યું




દેશ અને દુનિયામાં ધાર્મિક પુસતકોનું સૌથી મોટું કેન્દ્ર ગીતા પ્રેસના ટ્રસ્ટી બૈજનાથ અગ્રવાલનું નિધન થઈ ગયુ છે. તેમણે ૯૦ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. તેમણે વર્ષ ૧૯૫૦માં ગીતા પ્રેસ ટ્રસ્ટ જોઈન કર્યું હતું. શહેરના સિવિલ લાઈન્સ સ્થિત હરિઓમનગર આવાસ પર શુક્રવારે રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ટ્રસ્ટી તરીકે સમ્માનિત પણ કર્યા હતા.

બૈજનાથ અગ્રવાલના નિધન પર આજે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે શોક વ્યક્ત કર્યો છે. તેમણે ઠ પર લખ્યું- ગીતા પ્રેસ ગોરખપુરના ટ્રસ્ટી શ્રી બૈજનાથ અગ્રવાલજીનું નિધન અત્યંત દુઃખદ છે. છેલ્લા ૪૦ વર્ષથી ગીતા પ્રેસના ટ્રસ્ટી તરીકે બૈજનાથજીનું જીવન સામાજિક જાગૃતિ અને માનવ કલ્યાણ માટે સમર્પિત રહ્યું છે. તેમના નિધનથી સમાજને અપુરતી ખોટ પડી છે. ભગવાન શ્રી રામ દિવંગત આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે અને શોકગ્રસ્ત પરિવારના સભ્યો અને સમગ્ર ગીતા પ્રેસ પરિવારને આ મોટું દુઃખ સહન કરવાની શક્તિ આપે.

સંસ્કૃતિ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૧માં ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવી ચૂકી છે. જેના પર પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ગીતા પ્રેસ વિશ્વની એક માત્ર એવી પ્રિન્ટિંગ પ્રસ છે જે માત્ર એક સંસ્થા નથી પરંતુ એક જીવંત આસ્થા છે. ગીતા પ્રેસનું કાર્યાલય કરોડો લોકો માટે કોઈ કોઈ મંદિરથી કમ નથી. ગાંધી શાંતિ પુરસ્કારમાં ૧ કરોડ રૂપિયાની રકમ સાથે એક પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. ગાંધી શાંતિ પુરસ્કાર એક વાર્ષિક પુરસ્કાર છે જેની શરૂઆત સરકારે ૧૯૯૫માં મહાત્મા ગાંધીની ૧૨૫મી જયંતિના અવસર પર ગાંધીજીની આદર્શોને સમ્માન આપવામાં માટે કરવામાં આવી હતી.

# મદ્રાસનું ચેન્નઈ કર્યું, કેરળને કેરલમ કરવાની માંગ, તો પછી ઈન્ડિયાને ભારત કહેવામાં વાંધો શું? : એનસીઆરટી ચેરમેન

નવીદિલ્હી,તા.૨૮

'ઈન્ડિયા વિ ભારત' નામ પર ચાલતી ચર્ચા વચ્ચે એનસીઆરટી કમિટીના ચેરમેનનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. પ્રોફેસર સીઆઈ ઈસાકે કહ્યું કે, ભારત નામ બાળકોમાં ગર્વની ભાવના પેદા કરે છે. આ કારણે અમે તમામ શાળાના અભ્યાસક્રમમાં ઈન્ડિયાને બદલે ભારત લખવાની ભલામણ કરી છે. થોડા દિવસ પહેલા જ એનસીઆરટી પેનલે તમામ શાળાના પાઠ્યપુસ્તકોમાં 'ઈન્ડિયા'ની બદલે 'ભારત' લખવાનો પ્રસ્તાવ મૂક્યો છે.મદ્રાસનું ચેન્નાઈ થયું, ત્રિવેન્દ્રમનું તિરુવનંતપુરમ થયું તો ઈન્ડિયાનું ભારત કરવામાં સમસ્યા શું?

પ્રોફેસર સીઆઈ ઈસાકે આ મુદ્દા પર થતા વિરોધના જવાબ આપતા કહ્યું કે, મદ્રાસનું નામ બદલીને ચેન્નાઈ અને ત્રિવેન્દ્રમનું નામ બદલીને તિરુવનંતપુરમ કરી દેવામાં આવ્યું છે ઉપરાંત તાજેતરમાં કેરળને કેરલમ કરવાની માંગ થઈ રહી છે તો એવામાં ઈન્ડિયાને ભારત કહેવામાં સમસ્યા શું છે?

## તંત્રી લેખ......

# જમીન રેકોર્ડમાં ટેકનિકનો ઉપયોગ

મોદી સરકાર દરેક સ્તર પર અર્થવ્યવસ્થાને ડિજિટલ કરી રહી છે. આ દિશામાં એક મોટું કાર્ય દેશના જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ ચાલી રહ્યું છે. તે પૂરું થતાં જમીન વિવાદ, કેસબાજી, જમીન સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના મોટાભાગના કેસો ખતમ થઈ જશે. ઉત્તર પ્રદેશની દેવરિયાની ઘટનાને તાત્કાલિક રૂપે ભલે જમીન વિવાદ, પરસ્પર વિખવાદ અને પ્રશાસનિક લાપરવાહી માનવામાં આવે, પરંતુ મૂળ રૂપે તેના માટે દેશનું ખરાબ જમીન વ્યવસ્થાપન જ જવાબદાર કહી શકાય. એ જ કારણ છે કે દેવરિયા જેવી ઘટનાઓ દેશમાં છાશવારે બનતી રહે છે. દેશનું જમીન વ્યવસ્થાપન ખરાબ નકશા, હસ્તલિખિત રેકોર્ડમાં ફેલાયેલ છે અને આ જ કાનૂની વિવાદો અને ભ્રષ્ટાચારનું મૂળ છે. ઉપગ્રહ અને કૃત્રિમ મેધાના આ યુગમાં પણ ભારતનું ભૂ-સંસાધન એ કાનૂનોથી ચાલે છે, જે અંગ્રેજો આપણને આપી ગયા હતા. ઉલ્લેખનીય છે કે અંગ્રેજોએ મહેસૂલ વિભાગ અને જમીન નોંધણીની બેવડી વ્યવસ્થા લાગુ કરી હતી, કારણ કે તેમનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્ર કરવાનો હતો. કેટલીય ખામીઓ ભરેલી આ વ્યવસ્થા આજે પણ ચાલુ છે. આ જ કારણ છે કે ભારત જમીનના કેસોનો મહાસાગર બની ગયું છે. ન્યાયાલયોમાં સિવિલના જેટલા પણ કેસો છે, તેમાં ૬૬ ટકા જમીન કે સંપત્તિ વિવાદના છે. નીતિ પંચના એક રિપોર્ટ અનુસાર જમીન વિવાદને હલ કરવામાં સરેરાશ ૨૦ વર્ષ લાગે છે. તેનાથી અદાલતો પર તો બોજ વધે જ છે, કેસોમાં બહુમૂલ્ય જમીન પણ ફસાઈ જાય છે, જેનાથી ઉદ્યોગો અને પરિયોજનાઓ માટે જમીનની ઉપલબ્ધતા પ્રભાવિત થાય છે.

જમીન રેકોર્ડના આધુનિકીકરણ માટે ૨૦૦૮માં રાષ્ટ્રીય ભૂમિ અભિલેખ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ રાજકીય ઇચ્છાશક્તિની ઉણપ, સરકારોની અરુચિ, પ્રશાસનિક શિથિલતા વગેરેને કારણે યોજના કાગળિયા પરથી આગળ ન વધી શકી. જમીનને લઈને વધતા વિવાદ, ભ્રષ્ટાચાર અને કેસબાજીની સમસ્યાથી સ્થાયી સમાધાન માટે મોદી સરકારે ૨૦૧૬માં ડિજિટલ ઇન્ડિયા ભૂમિ રેકોર્ડ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કર્યો. આ પ્રોગ્રામના ત્રણ ઘટક છે - જમીન રેકોર્ડ્સનું કમ્પ્યૂટરીકરણ, રજિસ્ટ્રીનું કમ્પ્યૂટરીકરણ અને જમીન રેકોર્ડ્સ સાથે તેનું એકીકરણ. તે અંતર્ગત જમીનના પ્રત્યેક ટુકડા કે ભૂખંડને ૧૪ અંકોની વિશિષ્ટ ઓળખ સંખ્યા અપાઈ રહી છે. વિશિષ્ટ ભૂખંડ ઓળખ સંખ્યા એક પ્રકારે ભૂખંડના આધાર નંબર જેવી છે. એક વર્ષમાં નવ કરોડ ભૂખંડોને ભૂ-આધાર નંબર આપવામાં આવ્યો. આ નંબરને બેંકો અને ન્યાયાલયો સાથે પણ જોડવામાં આવે છે.

ભૂ-આધારનો સૌથી મોટો લાભ એ છે કે જયારે પણ કોઈ જમીનનું ખરીદ-વેચાણ થશે, ત્યારે ખરીદનાર અને વેચનારની સંપૂર્ણ વિગતો સામે હશે. તેનાથી એ જમીન સંબંધિત કોઈ વિવાદ કે દેણદારી હશે તો તેની ખબર પડી જશે. આના પહેલાં દસ્તાવેજોની નોંધણી મેન્યુઅલ થતી હતી, પરંતુ હવે તે ઇ-રજિસ્ટ્રેશન રૂપે થવા લાગ્યું છે. જો આ જમીનના આગળ જઈને ભાગલા પણ થાય તો એ જમીનના આધાર નંબર અલગ-અલગ થઈ જશે. જમીનનો ડિજિટલ રેકોર્ડ હોવાને કારણે સૌથી પહેલાં જમીનની વાસ્તવિક સ્થિતિ ખબર પડી જશે, કારણ કે જમીનની માપણી ડ્રોન કેમેરાથી થશે, જેનાથી ભૂલની આશંકા નહિવત રહેશે. જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ જમીન માલિકીનો મુખ્ય દસ્તાવેજ હશે, જેની સાથે છેડછાડ નહીં કરી શકાય. જમીન રેકોર્ડની વિશ્વસનીયતા વધવાથી લોકો વધુ ભરોસા સાથે ખરીદ-વેચાણની પ્રક્રિયામાં ભાગ લઈ શકે. ઓગસ્ટ ૨૦૨૩ સુધી દેશના ૯૪.૭૨ ટકા ગામડાંની ખેતી જમીનનો રેકોર્ડ જિટિલ થઈ ચૂક્યો છે. આ જ રીતે મહેસૂલ જમીનના ૭૬.૬૮ ટકા નક્શા પણ ડિજિટલ થઈ ગયા છે.

## આપની આજ.......

**મેષ:**આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો. આજના કામ આજે પૂરા કરો,

**વૃષભ:** આજે આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.

**મિથુન:**આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. તમારો દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.

**કર્ક:**આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.

**સિંહ:** આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો. તમે કાર્યક્ષેત્રમાં બુદ્ધિ અને અનુભવનો લાભ લઈ શકશો.દલીલ અને ગુસ્સો ટાળો.

**કન્યા:**આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો અને ધંધામાં લાભ મળશે.

**તુલા:**આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે. કોઈ મહેમાન ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક:**આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.

**ધનુ:**આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.

**મકર:**આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.

**કુંભ:**આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે. કારણકે આ લોકો પાછળથી તમારી મદદે આવશે.

**મીન:**ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો. જે તમને કાયમી સફળતા આપશે.

## પત્રાવળી-૧૭

રવિવારની સવાર

મિત્રો,

'પત્રાવળી'' એ તમારું સાહિત્યિક સાહસ છે અને એમાં સાહિત્યરસિકો સતત ભાગ લેતા રહે છે, એ ખૂબ આનંદની વાત છે. તમને 'પત્રાવળી' શરૂ કરવા બદલ આનંદપૂર્વક અભિનંદન પાઠવું છું.

ભાષા પાણીની જેમ પ્રવાહી અને પરિવર્તનશીલ હોય છે, એટલે એના શબ્દો અને એ શબ્દોના અર્થ પણ સમયે-સમયે બદલાતા રહે છે.

ગુજરાતી ભાષામાં એક શબ્દ છે 'કાળ' અથવા 'કાલ'. આ એક જ શબ્દ અનેક અર્થચ્છાયાઓ ધરાવે છે. જેમ કે કાળ એટલે સમય. ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ.

એ જ રીતે કાળ – કાલ એટલે દિવસ. ગઈકાલ અને આવતી કાલ માટે પણ 'કાલ' શબ્દ વપરાય છે. અહીં વીતેલા દિવસ અને આવનારા દિવસ માટે અનુક્રમે 'ગઈકાલ' અને 'આવતીકાલ' શબ્દ પ્રયોજાયો છે.

કાલ એટલે મૃત્યુ એવો અર્થ પણ ખાસ સંદર્ભમાં આપણને જોવા મળે છે. ''રસ્તે જતા રાહદારીને એક ધસમસતી ટ્રક અથવા બસ




'કાળ' બનીને ભરખી ગઈ'' એમ કહેવામાં આવે છે ત્યારે 'કાળ' એટલે મૃત્યુ કે યમદૂત એવો અર્થ સમજવાનો હોય છે.

મિત્રો, જૈન ધર્મમાં કોઈ સાધુ મહારાજ કે સાધ્વીજી મહારાજ મૃત્યુ પામે ત્યારે તેઓ કાળધર્મ પામ્યાં એમ કહેવાય છે. આ 'કાળધર્મ' મારો અત્યંત પ્રિય શબ્દ છે. સમયનો પણ એક ધર્મ હોય છે અને જીવનનો અંત એ સમયનો ધર્મ છે. એને કાળધર્મ કહેવાય છે

તો ક્યારેક કાલ એટલે 'ક્યારેય નહીં' એવો અર્થ પણ સમજવાનો હોય છે. જેમ કે કોઈ દુકાન પર બોર્ડ માર્યું હોય કે 'આજે રોકડા કાલે ઉધાર !' તો એનો અર્થ સ્પષ્ટ છે કે આજે ખરીદી કરવી હોય તો રોકડા પૈસા આપો. ઉધાર અહીં ક્યારેય મળશે નહીં, કારણ કે આવતીકાલ ક્યારેય આવતી નથી. આવતીકાલ જ્યારે આવે છે ત્યારે તે 'આજ' બનીને જ આવતી હોય છે.

કાળ અને કાલ વિશે ગુજરાતી ભાષામાં કેટલીક માર્મિક કહેવતો પણ છે. જેમ કે 'કાળ જાય પણ કલંક ન જાય', 'કાળ જાય અને કહેણી રહી જાય', 'કાળના કોદરાય ભાવે !' 'કાલ કોણે દીઠી છે ?', 'કાલનું કામ આજે કરો, આજનું કામ અત્યારે જ !'

તો કવિ નિરંજન ભગત જેવા કવિ કાવ્ય લખે છે કે 'કાળની કેડીએ ઘડીક આપણો સંગપ'

એક જાણીતો શબ્દપ્રયોગ છે 'કાળમુખું'. કાળમુખું એટલે અશુભ અથવા અપશુકનિયાળ ચહેરાવાળું.

કાળનો એક અર્થ 'સમય' આપણે જાણ્યો. માણસે સમયનાં પણ ચોસલાં પાડ્યાં અને ચોઘડિયાં બનાવ્યાં. દિવસનાં ચોઘડિયાં જુદાં અને રાતનાં ચોઘડિયાં જુદાં ! એમાં એક ચોઘડિયું એટલે કાળ ચોઘડિયું. કાળ ચોઘડિયું અશુભનો સંકેત દર્શાવનારું ચોઘડિયું છે. 'અશુભ' નામનું એક ચોઘડિયું પણ છે પરંતુ કાળ ચોઘડિયું પણ અશુભ મનાય છે ! કોઈ મંગલ કે સારું કામ લોકો કાળ ચોઘડિયામાં કરવાનું ટાળે છે.

ક્યારેક કાળ શબ્દનો અર્થ ભયાનક અથવા ખતરનાક એવો પણ થતો હોય છે જેમ કે કાળરાત્રી. કાળભૈરવ નામનો એક ખતરનાક રાક્ષસ પણ હતો. ઉનાળાની 'કાળઝાળ ગરમી' એ પ્રયોગમાં પણ ખતરનાક અને દાહક વાતાવરણ અર્થ છે.

આમ શબ્દો સાથે રમવાનું આપણને ખૂબ ગમે છે, પણ એ નથી સમજાતું કે શબ્દો આપણને રમાડે છે કે આપણે શબ્દોને રમાડી છીએ !

શુભેચ્છા સાથે, રોહિત શાહ

# સથરાને જિલ્લા અને તાલુકા મથક સાથે જોડતા રસ્તાઓ બિસ્માર હાલતમાં




સથરા : તળાજા તાલુકાના સથરા ગામને જિલ્લા તથા તાલુકા મથક સાથે જોડતા તમામ રસ્તાઓ લાંબા સમયથી તદ્રન બિસ્માર હાલતમાં થઈ ગયા છે. હવે ચોમાસાની સીઝન પુરી થયેલ હોય સત્વરે આ રોડ રીપેર થાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામેલ છે.

સથરાથી ત્રાપજ જતો રસ્તો હાલ તદ્રન બિસ્માર થઈ ગયેલ છે. સથરા ઉપરાંત પાદરી (ગો), સિધ્ધનાથ મહાદેવ, તખતગઢ, ભારાપરા, મથાવાડા, તરસરા અને ઈસોરા વગેરે ગામડાઓની પ્રજાને ભાવનગર જવા આવવા માટે ખુબ જ ઉપયોગી છે. આ રોડ ખરાબ હોય પ્રાઈવેટ વાહનો મન માન્યા ભાડા વસુલે છે. તેથી ગરીબ અને કચડાયેલા વર્ગને ભારે હાલાકી ભોગવવી પડે છે. તેમજ તળાજા તાલુકાના વિશ્વ પ્રસિધ્ધ અલંગ શીપયાર્ડથી તળાજા તરફ જવા માટે ટુંકો માર્ગ સથરા થઈને જાય છે. તેના ઉપર અલંગથી તળાજા, મહુવા બાજુ જતા ભારે વાહનો દોડતા હોય તે માર્ગ પર ભારાપરાથી વેળાવદર સુધી તદ્રન બિસ્માર થઈ ગયેલ છે. અગાઉ આ રોડ પર બાંધવામાં આવેલા નાળાઓ પુરતા લેવલમાં નથી તે લેવલમાં કરવામાં આવે તેમજ નાળા ઉપર સળીયા બહાર નિકળી ગયા છે. તે રિપેર કરવામાં આવે તથા શેત્રુંજી ડાબા કાંઠા કેનાલના માઈનોર નં.૧૮ ઉપર આવેલ કુંડી પાસે નાખવામાં આવેલ રોડની બંને બાજુના પાઈપો તૂટી ગયા છે અને રોડની બંને બાજુએ મોટા મોટા ખાડાઓ પડી ગયા છે. તેના કારણે અકસ્માત થવાની પુરી શકયતા રહેલ હોય ઉપરોક્ત તમામ ગ્રામ્ય માર્ગો રીપેર થાય તે માટે સત્તાધીશો ઘટતી કાર્યવાહી હાથ ધરે તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# મધ્યપ્રદેશથી પિતા ખેતમજૂરી માટે ધરાર લઇ આવેલા પુત્રનો આપઘાત

જામનગર, અમરેલી: ધ્રોળ તાલુકાના સોયલ ગામમાં રહીને ખેતી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની શ્રમિક યુવાને તેના પિતા મજૂરી કામ અર્થે વતનમાંથી અહી ધરાર લઈ આવ્યા હોવાના કારણે મનમાં લાગી આવતાં આપઘાત કરી લીધો હતો. જયારે રાજુલામાં માનસિક બિમારીથી કંટાળીને મહિલાએ જિંદગી ટૂંકાવી હતી.




આ બનાવની વિગત એવી છે કે, મૂળ મધ્ય પ્રદેશના વતની અને હાલ ધ્રોલ તાલુકાના સોયલ ગામની સીમમાં એક વાડીમાં રહીને મજૂરી કામ કરતા સરદાર ગિરમસિંહ માવી નામના ૨૦ વર્ષના શ્રમિક યુવાને આજે સવારે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધો હતો. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવાનને પોતાના વતનમાંથી અહીં મજૂરી કામ અર્થે આવવું ગમ્યું ન હતું, તેમ છતાં તેના પિતા અહીં લાવ્યા હોવાથી મનમાં લાગી આવતાં આ પગલું ભરી લીધું હતું.

બીજા બનાવમાં રાજુલાનાં જુની કડીયાળી રોડ વિસ્તારમાં રહેતી ઉષાબેન નિલેશભાઈ વાલસુર (ઉ.વ.૪૦)ને માનસીક બિમારી હોય, જેની દવા ચાલુ હતી. જે માનસીક બીમારીથી કંટાળી જઇ વ્હેલી સવારના સવા ચારથી સાડા ચાર વાગ્યે પોતાના બાથરૂમમાં પડેલી એસીડની બોટલમાંથી પોતાની મેળે પી લેતા સારવાર દરમ્યાન મોત થયું હતું. આ ઘટના ને લઈને પરીવારમાં શોકનો માહોલ છવાયો હતો.

# રાજકોટને ડેંગ્યુ-ચિકનગુનિયાનો ભરડો, વધુ એક વિદ્યાર્થીનું મોત

રાજકોટ: રાજકોટમાં દિવસે કરડતા એડીસ ઈજીપ્ટી મચ્છરોથી ફેલાતો અત્યંત ચેપી ડેંગ્યુ અને ચિકનગુનિયામાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. મનપાના ચોપડે દર સપ્તાહે ડેંગ્યુના ૧૦થી ૧૨ કેસો અને ચિકનગુનિયાના ચાર-પાંચ કેસો નોંધાય છે પરંતુ, ખાનગી દવાખાનાઓ અને હોસ્પિટલોમાં વાસ્તવિક સંખ્યા ઘણી વધુ હોવાની શક્યતા છે. શહેરની જી.ટી.શેઠ ભણતા એક વિદ્યાર્થીનું ડેંગ્યુથી મોત નીપજયાનું અને તેના પગલે ગરબાનો કાર્યક્રમ રદ કરાયાનું જાણવા મળે છે. મનપાના



ચોપડે રોગચાળાના કેસો માની ન શકાય એટલા ઓછા નોંધાતા હોય છે છતાં તે આંકડામાં પણ જૂલાઈ-ઓગષ્ટ માસ કરતા સપ્ટેમ્બરથી ડેંગ્યુના કેસોમાં ત્રણ ગણો અને ચિકનગુનિયાના કેસોમાં ૧૦ ગણો વધારો નોંધાયો છે.

આવતીકાલથી મનપા દ્વારા ઝોનવાઈઝ સઘન ફોગીંગ કરવા નિર્ણય લેવાયો છે. (૧) તા.૨૮ના વોર્ડ નં.૧,૨,૪ (૨) તા.૩૦ના વોર્ડ નં.૩,૫,૮ (૩) તા.૧ના વોર્ડ નં.૬,૭,૯ (૪) તા.૨ના વોર્ડ નં.૧૦,૧૩,૧૫ (૫) તા.૩ના વોર્ડ નં.૧૧,૧૪,૧૬ અને (૬) તા.૪ના વોર્ડ નં.૧૨,૧૭,૧૮માં ફોગીંગ કરાશે. ઉલ્લેખનીય છે કે ખુલ્લામાં ધુમાડાથી મચ્છરો મહદ્અંશે દૂર જ ભાગે છે,નાશ પામતા નથી.મેલેરિયા વિભાગે ચાલુ વર્ષમાં ૧૭ હજાર લોકોને મચ્છર ઉત્પતિ બદલ નોટિસો ફટકારી છે અને આશરે ૫ લાખ રૂ.નો દંડ વસુલ્યો છે. પરંતુ, માત્ર નોટિસ કે નજીવા દંડથી કોઈમાં સુધારો થતો નથી.

# ગયા વર્ષની સરખામણીમાં ૫૩ ટકા ઓછી પરાળ બળી છે, પંજાબ સરકાર

ચંડીગઢ,તા.૨૭

પંજાબ સરકારે દાવો કર્યો છે કે પાછલા વર્ષોની સરખામણીમાં આ વર્ષે રાજ્યમાં પરાળ બાળવાના કેસમાં ૫૩ ટકાનો ઘટાડો થયો છે. કૃષિ પ્રધાન ગુરમીત સિંહ ખુદ્દિયાને જણાવ્યું હતું કે આ વર્ષે ૧૫ સપ્ટેમ્બરથી ૨૪ ઑક્ટોબર વચ્ચે રાજ્યમાં ૨,૩૦૬ કેસો નોંધાયા છે, જ્યારે ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૫,૬૧૭ કેસ નોંધાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦ અને ૨૧માં સ્ટબલ બાળવાના અનુક્રમે ૧૪,૮૦૫ અને ૬૦૫૮ કેસ નોંધાયા હતા. સરકારી આંકડાઓને ટાંકીને તેમણે કહ્યું કે ૨૦૨૨માં ૫૭૯૮ કેસોથી ૨૦૨૩માં ૨૭૦૪ પર પલાળીને બાળી નાખવાના કેસની સંખ્યા ઘટી છે. તેમણે જણાવ્યું હતું કે ગયા વર્ષે ૨૫ ઓક્ટોબર સુધી બળી ગયેલી પરાળની માત્રામાં આ વર્ષે ૨૫ ઓક્ટોબર સુધી ૫૩ ટકાનો ઘટાડો થયો છે.

ખુદ્દિયાને કહ્યું કે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં પંજાબ સરકારે સ્ટબલના સંચાલન માટે ૩૫૦ કરોડ રૂપિયાની યોજના તૈયાર કરીને કામ શરૂ કર્યું છે. આ અંતર્ગત ખેડૂતોને સબસીડી પર મશીનરી આપવામાં આવી છે. સપ્ટેમ્બરમાં ડાંગરની લણણીની સિઝન પહેલા રાજ્યએ ૨૪,૦૦૦ મશીન ખરીદવાની મંજૂરી આપી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

હાલમાં રાજ્યમાં ૧.૩૫ લાખ સ્ટબલ મેનેજમેન્ટ મશીનો છે અને તેનો મહત્તમ ઉપયોગ કરવા માટે સંયુક્ત પ્રયાસો ચાલી રહ્યા છે. આ મશીનોના ઉપયોગ પર દેખરેખ રાખવા માટે એક સિસ્ટમ મૂકવામાં આવી છે અને મશીનોનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે ઉચ્ચ સ્તરીય અધિકારીઓ દ્વારા સાપ્તાહિક સમીક્ષાઓ કરવામાં આવી રહી છે.

# મણીપુર ભારતનું અતુલ્ય અને અમુલ્ય રાજ્ય છે, જ્યાં ૧૮૦ દિવસથી હિંસાનો દોર ચાલુ છે.

દિવસથી ચાલી રહેલી હિંસા રોકવામાં નિષ્ફળ ગયેલી રાજ્ય તથા કેન્દ્રની ભાજપ સરકારને પદભ્રષ્ટ કરવાની માંગ સાથે સમગ્ર દેશ ચિંતામાં છે. પણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આ અંગે તદન ઉદાસીન છે. કેટલાક વાઈરલ થયેલા છે જેમાં રાક્ષસો બે મહિલાઓ સાથે એવા કૃત્યો કરી રહ્યા છે જેવા કોઈ હિંસક પશુ પણ ન કરે. આ દાનવોને માનવ ગણવા એ પણ માનવતાનું અપમાન છે.

મણીપુરમાં જે રીતે અવિરત હિંસા અટકવાનું નામ નથી લેતી. જ્યાં મણીપુરના મુખ્યમંત્રીને મણીપુરને અશાંત રાજ્ય જાહેર કરવું પડ્યું તેમ છતાં આ મુખ્યમંત્રીને ભારતીય જનતા પાર્ટી દ્વારા નિષ્કાસીત કરવામાં આવતા નથી. ગુજરાતમાં બે વાર મુખ્યમંત્રી બદલાય, કર્ણાટકમાં બે વાર મુખ્યમંત્રી બદલાય, ઉત્તરાખંડમાં ત્રણ વાર મુખ્યમંત્રી બદલાય તો પ્રધાનમંત્રી મોદીજી મણીપુરના મુખ્યમંત્રીને કેમ બદલા તૈયાર નથી ? મણીપુરમાં ૬૫૦૦ થી વધુ ઘરો સળગ્યા છે. ૭૦૦૦ થી વધુ પોલીસ એફ.આઈ.આર. થઈ છે. સાથે સાથે ભાજપના કેન્દ્રીય મંત્રીનું પણ ઘર સળગ્યું છે. ૫૦૦૦ થી વધારે હથીયારોની પોલીસ સ્ટેશનોમાંથી લુંટ થાય છે. ૬ લાખ થી વધુ બુલેટ તોફાનીઓના હાથમાં આવી ગયા છે અને ૬૫ હજાર થી વધુ આદિવાસી દેશવાસીઓ ઘરવિહોણા થઈ ગયા છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં પણ ગુજરાત ભારતીય જનતા પાર્ટી મણીપુર અથવા મણીપુરની માટી વિશે બોલવા તૈયાર નથી. આજે મણીપુરમાં



ઈઝરાયલ-પેલેસ્ટાઈનના યુદ્ધ કરતા પણ ગંભીર પરિસ્થિતિ છે તેનું નિરાકરણ લાવવું દેશ માટે ખુબ જ અગત્યનું છે.

જેથી આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભારતીય જનતા પાર્ટી પ્રમુખશ્રી સી.આર. પાટીલને મણીપુર થી આવેલ માટીને કમલમમાં મોકલવામાં આવેલ છે. આશા છે કે ભાજપના અધ્યક્ષ આ માટીને સ્વિકારીને મણીપુરની માટીને દિલ્હી અમૃતવનમાં મોકલીને મણીપુર દેશનું એક અમૂલ્ય રાજ્ય છે તે પ્રસ્થાપિત કરશે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું